# 13 પરિવર્તનનાં સાધનો

આગળનાં બે પ્રકરણોમાં આપણે પરિવર્તન વિષે કેટલીક ચર્ચા કરી ગયા. આપણે અવારનવાર એવું સાંભળીએ છીએ કે અત્યારનો જમાનો ઝડપી પરિવર્તનનો જમાનો છે. એનું કારણ અત્યંત ઝડપી ગતિએ થતું વૈજ્ઞાનિક સંશોધન અને તેનું ટેકનોલૉજીમાં થતું રૂપાંતર છે. અત્યારે વર્ષે બે વર્ષે જ્ઞાન બેવડાઈ જાય છે. એટલે કે બે વર્ષ પહેલાંનું જ્ઞાન જૂનું થઈ જાય છે. બળદગાડામાં કે ઘોડા ઉપર બેસીને કરવામાં આવતી મુસાફરી હવે વિશિષ્ટ પરિસ્થિતિમાં જ કોઈ કરે. વણઝારા એમની પોઠો મારફતે એક દેશનો માલ બીજા દેશમાં લઈ જતા અને વેપાર કરતા એ વાતો ઇતિહાસમાં જ રહી ગઈ છે. ઢાલ-તલવાર, ભાલા અને તીરકામઠાં વડે યુદ્ધ લડાતાં એ જમાનો ઘણો વહેલો પૂરો થઈ ગયો હતો. એવી રીતે જીવનનાં તમામ ક્ષેત્રોમાં અગણિત ફેરફાર થઈ ગયા છે ને થઈ રહ્યા છે. પોશાક બદલાઈ ગયા છે, મકાનોની રચના બદલાઈ ગઈ છે, રસ્તાઓનાં રૂપરંગ ફરી ગયાં છે, યાત્રાનાં વાહનોમાં અપાર વૈવિધ્ય આવ્યું છે. સંદેશા-વ્યવહારનાં સાધનોમાં આવેલું પરિવર્તન આશ્ચર્યચકિત કરી દે છે. જીવનનાં બધાં ક્ષેત્રોમાં નવું નવું પરિવર્તન સતત થયા જ કરે છે.

પરિવર્તન એ સતત ચાલતી પ્રક્રિયા છે. પરિવર્તન એ કુદરતનો કાયદો છે એમ માનવજાતની પ્રગતિનો પાયો પણ છે. ટીવીના સતત વધતા વપરાશથી એક ભાષામાં બીજી અનેક ભાષાના હજારો શબ્દો વપરાતા થઈ ગયા છે. લોકોની બોલવાની લઢણ પણ બદલાતી જાય છે. સ્ત્રીઓના પોશાકમાં કેટલી ઝડપથી ફેરફાર આવી રહ્યા છે! નાનાં નાનાં ગામડાંમાં પણ હવે નવી પેઢી પંજાબી ડ્રેસ પહેરતી થઈ ગઈ છે. શહેરોમાં સાડી-બ્લાઉઝ પેટીપટારામાં ભંડારાઈ ગયાં છે. સ્ત્રીઓમાં વાળ કપાવવાની ફૅશન ખૂબ ઝડપથી ફેલાઈ રહી છે. લગ્નપ્રસંગે કન્યાને શણગારવાની નવી પરંપરા શરૂ થઈ ગઈ છે. પુરુષોના પોશાકનાં ધોતી-ઝભ્ભા જૂની પેઢીમાં જ જોવા મળે છે. નવી પેઢીમાં તદ્દન અભણ અને મજૂરવર્ગના લોકો પણ પેન્ટ-બુશશર્ટમાં આવી ગયા છે. લગ્ન જેવા સામાજિક પ્રસંગની ઉજવણીની પદ્ધતિ જ સંપૂર્ણ બદલાઈ ગઈ છે તો મરણપ્રસંગે થતી રોકકળ પણ ઓછી થતી જાય છે. ઘરની અંદરની સજાવટનો તો આખો ખ્યાલ જ નવો છે. પહેલાંના રાજા-મહારાજાઓના રાજમહેલોમાં થતી એવી સજાવટ તો હવે મધ્યમવર્ગના લોકોનાં મકાનોમાં પણ જોવા મળે છે.

આજથી પચાસ વર્ષ પહેલાં કૂવામાંથી પાણી ખેંચવાનાં ઑઇલઍન્જિન આવ્યાં હતાં. તેના પછી દસેક વર્ષમાં તો વીજળીની મોટરો આવી ગઈ હતી. એની સાથોસાથ ખેડવા માટેનાં ટ્રૅક્ટર આવ્યાં. હવે મોટા ભાગના ખેડૂતો વિકસિત ખેતી માટે બળદ રાખતા નથી. પહેલાંના વખતમાં દૂધ વેચવાનો રિવાજ ન હતો. અત્યારે દૂધનો ઉદ્યોગ આંતરરાષ્ટ્રીય ધોરણે વિકસી ચૂક્યો છે. જીવનમાં આવેલાં પરિવર્તનો અગણિત છે ને નવાં નવાં પરિવર્તનો આવ્યે જ જાય છે.

ઉપર જોયાં તે બધાં અને બીજાં અનેક પરિવર્તનો એક જ પ્રકારનાં છે ખરાં ? થોડો વિચાર કરતાં એ વાત સમજાઈ જશે કે ઘણાખરા ફેરફારો દેખાદેખીના કે અનુકરણના છે. કપડાંની ફૅશનના ફેરફાર દેખાદેખીના કહેવાય. બીજી રીતે વિચારતાં એ ફેરફારો સગવડ વધારનારા ફેરફારો છે એમ પણ કહી શકાય. સ્ત્રીઓ સાડીચણિયાના બદલે સલવાર-કમીજ પહેરે તો કામકાજ કરવામાં, હરવા-ફરવામાં તેમને ઘણી સરળતા રહે છે. તો પુરુષોમાં ખૂબ જ પ્રચલિત બનેલો પેન્ટ-શર્ટનો પોશાક પણ ખૂબ મજબૂત કાપડનો બનેલો હોવાથી, કામકાજમાં સરળ હોવા ઉપરાંત ખૂબ ટકાઉ હોવાથી સરવાળે ઘણો સસ્તો પડે છે.

સામાન્ય રીતે ભારતીય સમાજ પોતાની ભૂતકાળની પરંપરાઓ, રીતરિવાજો અને સંસ્કૃતિનો ચાહક છે અને તેને વળગી રહેવાનું વલણ ધરાવે છે. તેથી સામાજિક જીવન સામાન્ય રીતે સ્થિર રહેતું હોય છે પરંતુ જે ફેરફાર કે પરિવર્તન જીવનમાં સુખસગવડો વધારે તેવું હોય તેને લોકો હવે ઉદારતાથી અપનાવી લેતા થયા છે અને એવા પરિવર્તનને પોતાની સંસ્કૃતિનું વિરોધી નથી માનતા. શિક્ષણનો વ્યાપક ફેલાવો, મોટા પ્રમાણમાં દેશપરદેશમાં થતા યાત્રાપ્રવાસો, દુનિયાના અનેક દેશોના લોકો સાથેના સંપર્કો, લાખોની સંખ્યામાં પરદેશમાં શિક્ષણ લેતાં યુવક-યુવતીઓ અને નોકરીધંધા અર્થે પરદેશમાં વસી ગયેલા કરોડો લોકો - આ બધી બાબતો એવી છે જે સમાજમાં વિવિધ પ્રકારનાં પરિવર્તનોને ચાલકબળ પૂરું પાડે છે. આ રીતે જે પરિવર્તન સમાજમાં થાય છે તે સમાજસ્વીકૃત બની જાય છે.

**સંસ્થા – પરિવર્તનનું સાધન**

સમાજમાં નવાં આવતાં પરિવર્તનોમાં સહભાગી થનારી વ્યક્તિઓ એવી હોય છે કે જેઓ પોતાના જીવનસંદર્ભોને અનુકૂળ આવે તેવા નવા વિચારો, મૂલ્યો અને વહેવારોને ઝડપથી અપનાવી લે છે તથા સમાજમાં નવો ચીલો પાડતી હોય છે. આજથી પચાસ વર્ષ પહેલાં છોકરાના લગ્નપ્રસંગે જાન જતી ને કન્યાના માંડવે ત્રણ દિવસ સુધી રોકાતી હતી. એ વખતના સમાજના આર્થિક સંજોગો એવા હતા કે ત્રણ દિવસનો સમય કાઢવા છતાં લોકોને ખાસ કોઈ નુકસાન થતું ન હતું. આ પાંચ દાયકામાં ધંધારોજગાર એટલા બધા વધ્યા છે કે લોકોને ત્રણ કલાકમાં આ પ્રસંગો પતાવી દેવામાં કશું ખોટું નથી લાગતું, કારણ કે એવા પ્રસંગ માટે એથી વધારે સમય ફાળવવાનું મુશ્કેલ બની ગયું છે. જૂની પરંપરાગત જડતાને સમાપ્ત કરવા માટે પરિવર્તનની શરૂઆત કોઈ હિંમતવાળી અને મુક્તવિચારની વ્યક્તિથી થતી હોય છે. પરિવર્તનની આ વ્યક્તિગત પ્રક્રિયા કોઈ પણ સ્વરૂપે સામાજિક આંદોલનમાં બદલાય તે માટે સમાજમાં સમાનવિચારવાળી વ્યક્તિઓએ સંગઠિત થઈને તેનો પ્રચાર-પ્રસાર કરવાની પણ એટલી જ જરૂર હોય છે. જેમણે પોતાની પરંપરાગત ઓળખાણ બદલવાનો પ્રયત્ન કર્યો હોય તેમના માટે તે હેતુસર સામાજિક સંગઠન ઊભું કરવું તે મુક્તિની લડત બની જાય છે.

પરિવર્તનનો કંઈક હેતુ હોવો જરૂરી છે. લોકોના જીવનમાં સુધારો લાવવા માટે પરિવર્તન કરવાનું હોય છે. તમામ વિકાસનો મુખ્ય હેતુ પણ સમાજજીવનને સુધારવાનો હોય છે, એટલે કે સમાજના જે નબળા વર્ગો છે તેમને માટે વિકાસની યોજનાઓ દ્વારા ગરીબીનાબૂદી, રોજગારીની પ્રાપ્તિ, આજીવિકામાં વધારો અને શોષણની નાબૂદી કરવાની હોય છે. આ હેતુ વિકાસના ક્ષેત્રમાં કામ કરતી દરેક સંસ્થાને ચાલના આપે છે. સંસ્થા પોતાના હેતુઓ અને તે હેતુઓને સિદ્ધ કરવા માટે હાથ ધરવાના કાર્યક્રમો દ્વારા પોતાની કામગીરી બજાવે છે. યોગ્ય રીતે, હેતુને સદા નજરમાં રાખીને કામ કરે તો તે સંસ્થા સમાજમાં પરિવર્તન કરનાર એક પ્રબળ સાધન બની રહે છે.

**જ્ઞાતિસંસ્થાઓ**

વર્તમાન સમયમાં સમાજમાં અનેક પ્રકારની સંસ્થાઓ સ્થપાય છે ને પોતાની પ્રવૃત્તિઓ કરે છે. સમાજના અગ્રવર્ગો પણ પોતાના વર્ગહિત માટે સંસ્થાઓ સ્થાપીને પ્રવૃત્તિઓ કરતા હોય છે. આવી અગ્રવર્ગોની સંસ્થાઓનો હેતુ ગરીબીનિવારણ કે શોષણની નાબૂદી જેવો નથી હોતો. એ સંસ્થાઓ તો પોતાના સભ્યજૂથના લોકોના સ્વાર્થનું રક્ષણ કરવા માટે, તેમના સામાજિક સ્થાનમોભાને જાળવી રાખવા માટે અને તેમની ધંધાકીય પ્રવૃત્તિઓમાં વિશેષ માર્ગદર્શન તથા મદદ મેળવી આપવા માટે કામ કરતી હોય છે. ઉચ્ચ વર્ગોની જ્ઞાતિ-સંસ્થાઓ જે-તે જ્ઞાતિનાં હિતસ્વાર્થની જાળવણી માટે અને જ્ઞાતિનો વાડો અકબંધ રહે તે માટે જરૂરી હોય

એવી પ્રવૃત્તિઓ કરતી હોય છે. આવી સંસ્થાઓમાં સભ્યપદ પણ તે તે જ્ઞાતિના લોકો પૂરતું મર્યાદિત હોય છે. આવી સંસ્થાઓનું સ્વરૂપ જોતાં એમ કહી શકાય કે તે સમાજમાં યથાસ્થિતિ જાળવી રાખવાનું કામ કરે છે. સમાજમાં પ્રવર્તતા જ્ઞાતિગત ઊંચનીચના ભેદભાવોને ટકાવી રાખવાનું, તેને પોષણ આપવાનું કામ કરે છે. તે સંસ્થાઓ દ્વારા જ્ઞાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ અપાય છે. લગ્નોત્સુક યુવક-યુવતીઓના સંપર્ક-મેળા યોજાય છે, સમૂહલગ્નો યોજાય છે. ધાર્મિક ઉત્સવો પણ ક્ષાતિજનોને માટે ઊજવાય છે. આમ તેવી સંસ્થાની પ્રવૃત્તિઓ તે જ્ઞાતિ માટે મર્યાદિત હોય છે. તેથી આવી સંસ્થાઓ દ્વારા સમાજમાં સમાનતા ને સમરસતાને કશું ઉત્તેજન મળતું નથી તેમ છતાં એવી સંસ્થાઓ તે તે જ્ઞાતિની પ્રગતિમાં કેટલોક ફાળો આપે છે એમ કહી શકાય.

## સાર્વજનિક સંસ્થાઓ

સમાજમાં અનેક જ્ઞાતિ, ધર્મ, ભાષા અને પ્રાંતના લોકો હોય છે. એમની એવી કોઈ પણ અલગતાને ધ્યાનમાં લીધા સિવાય કેટલીક સંસ્થાઓ સર્વ લોકોને સમાન ધોરણે સ્વીકારીને તેમના વિકાસ માટે કામ કરતી હોય છે. એમનો હેતુ વિકાસ માટે આવશ્યક તકોનું નિર્માણ કરવાનો ને તકો પૂરી પાડવાનો હોય છે. અમદાવાદમાં સ્થપાયેલી સેવા(Self-employed Women's Associationનું ટૂંકું નામ Sewa)સંસ્થા આવી સંસ્થા ગણાય. તે સ્ત્રીઓના વિકાસ અને કલ્યાણની ભાવનાથી ચાલે છે. તેમાં સર્વ જ્ઞાતિ, ધર્મ, ભાષા, પ્રાંતની સ્ત્રીઓ જોડાઈ શકે છે. તેમાં અમદાવાદ જેવા મેગા સિટીની તેમજ કચ્છ-બનાસકાંઠા જેવા અત્યંત અવિકસિત વિસ્તારોની ગામડાંની બહેનો પણ જોડાઈ શકે છે. એ બધી બહેનો સ્વરોજગારીવાળી છે. એટલે પોતે જે કંઈ પણ કામધંધો કે મજૂરી મળે તે કરે છે. તેમાં શાક વેચનારી, કપડાં વેચનારી, વાસણ વેચનારી, કપડાં સીવનારી, કાગળ કે પ્લાસ્ટિકની કોથળીઓ વીણનારી, જંગલની પેદાશો એકઠી કરીને વેચનારી, ભરતગૂંથણનું કામ કરનારી અને પાપડ વણનારી એમ અનેક કામ કરનારી સેવાસંસ્થા એવાં છૂટક કામો કરનારી સ્ત્રીઓને સંગઠિત કરે છે. તેમને અક્ષરજ્ઞાન આપવું, વ્યસનમુક્ત કરવી, તેમની આવકમાંથી બચત કરતાં શીખવવું ને તે બચત સેવા બૅન્કમાં જમા કરાવવા ઉત્તેજન આપવું, વગેરે અનેક રીતે તેમના જીવનની સુધારણાનું કામ કરે છે. બૅન્કમાં જમા બચતના આધારે એવી સ્ત્રીઓને તેમના સામાજિક પ્રસંગોએ કે કોઈ નવો ધંધો શરૂ કરવો હોય તે માટે સેવા બૅન્ક તેમને ધિરાણ આપે છે ને તેમના આર્થિક વિકાસમાં સહાય કરે છે. આવી રીતે તેમને સહાય આપીને તેમના કુટુંબજીવનની સુધારણામાં સેવા પોતાનો ફાળો આપે છે. સેવા જેવી સંસ્થાઓ સમાજમાં પાયાના સ્તરે પરિવર્તનનું કામ કરે છે. તે સ્ત્રીઓમાં સ્વમાન અને સ્વાવલંબનની ભાવના વિકસાવે છે ને વિવિધ પ્રકારના ભેદભાવોનું ઉન્મૂલન કરીને તેમનામાં સમાનતાની બિરાદરીનો માહોલ રચી આપે છે. સ્ત્રીઓને રોજગારી આપનારી અને તેમના માલના વેચાણમાં માર્ગદર્શન અને મદદ આપનારી મહિલા સંસ્થાઓ દરેક નગર, તાલુકા ને જિલ્લાઓમાં કામ કરતી જોવા મળે છે.

## સંસ્થાઓની કાર્યશૈલી

દરેક સંસ્થાને બળ તેના ધ્યેયોમાંથી તેને પ્રાપ્ત થાય છે. ધ્યેય જેટલું ઉન્નત તેટલી તેની કામગીરી પણ ઉન્નત બનવાની સંભાવના રહેલી છે. ધ્યેય સંસ્થાની કાર્યદિશા નક્કી કરી આપે છે. જે ધ્યેય હોય તેને સિદ્ધ કરવા માટે જરૂરી એવી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો સંસ્થા ચલાવતી હોય છે.

સંસ્થાના સંચાલકો ને કાર્યવાહકો એ સંસ્થાને બળ આપનારું બીજું સ્રોત છે. એમની નિષ્ઠા, સેવાભાવના, પ્રમાણિકતા અને ધ્યેયલક્ષિતા એવા ગુણ છે જે સંસ્થાને વિકાસના માર્ગે અગ્રેસર થવાની તક અને પ્રેરણા આપે છે. સંવાહકો અને સંચાલકો એ જ તો સંસ્થાના સૌ સભ્યો અને કાર્યકરોને એક તાંતણે સાંકળી રાખનારું

પરિબળ છે. સંચાલકો સમગ્ર સંસ્થામાં એક પરિવારની ભાવના પેદા કરીને તેને નમૂનેદાર સંસ્થા બનાવી શકે છે તે જ રીતે તેઓ પોતાના ટૂંકા સ્વાર્થ અને અંગત મહત્ત્વાકાંક્ષાની સિદ્ધિ માટે સંસ્થાનો દુરુપયોગ પણ કરી શકે છે. એમ થતાંની સાથે સંસ્થા જૂથબંધી અને કલહનો અખાડો બની જાય છે ને પરિવર્તનના લક્ષ્યને ચૂકી જાય છે.

સંસ્થામાં સામૂહિકતાની ભાવનાનો વિકાસ થવો ખૂબ જરૂરી છે. એ થાય તો સંસ્થાના સભ્યો અને કાર્યકરો સંસ્થાના ધ્યેયની પરિપૂર્તિ માટેના કાર્યક્રમોમાં જોડાઈ જાય છે ને સંસ્થા એક તાકાતરૂપે ઊભરે છે. આવી સંસ્થાઓ ઇચ્છિત પરિવર્તનની વ્યૂહરચના ગોઠવી શકે છે. પણ એનો પાયો છે વ્યક્તિની સાચી સમજદારી. પરિવર્તનની શરૂઆત એ વ્યક્તિગત સમજદારી અને દૃષ્ટિના વિકાસથી થાય છે ને ક્રમે ક્રમે તે સમગ્ર સમૂહમાં વ્યાપ્ત થાય છે. જેમને પરિવર્તન કરવું છે તેવી વ્યક્તિઓને ઓળખી તેમને ઉત્સાહિત કરવી એ પ્રથમ પગલું છે. એ દ્વારા જ સમૂહને પ્રેરિત કરી શકાય છે.

દરેક સંસ્થામાં થોડીક એવી વ્યક્તિઓ જરૂર હોય છે કે જેમનામાં સામુદાયિક વિકાસલક્ષી પરિવર્તન લાવવાની ક્ષમતા હોય છે. સંસ્થાના સંવાહકોએ એવી વ્યક્તિઓને પોતાની આગવી રીતે ઓળખીને તેમની ક્ષમતાનો વિધેયાત્મક પ્રયોગ કરવો જોઈએ. સંસ્થામાં બીજા પ્રકારની કેટલીક એવી વ્યક્તિઓ હોય છે કે જેઓ વિધાયક, ધ્યેયલક્ષી પરિવર્તનને ઝડપથી આવકારે છે, ઉત્તેજન આપે છે અને વ્યાપક બનાવે છે.

પરિવર્તનની સૌથી મુશ્કેલ પ્રક્રિયા છે સમગ્ર સંસ્થા પરિવારને સાથે લઈને એવી કાર્યનીતિ બનાવવી, એવાં સ્થિર વિચારમૂલ્યો વિકસાવવાં કે જે સૌને પરસ્પરની સાથે સાંકળી રાખવામાં સિમેન્ટનું કામ કરે. આમ કરવાથી સંસ્થામાં એવી પરંપરાઓનો વિકાસ થશે કે જેમાં પછીથી અમુક વ્યક્તિના જવાથી કે નવા કોઈના આવવાથી કશો ફેરફાર નહિ થાય. એમ થવાથી સંસ્થા પોતાનાં ધ્યેય પ્રમાણે પરિવર્તનનું કામ કરી શકે છે.

પરિવર્તનનું કામ એ આયોજનની બાબત છે. તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

- જે પરિવર્તન કરવું હોય તેની સ્પષ્ટ વ્યાખ્યા કરવી.
- એ પરિવર્તનના ધ્યેયને સિદ્ધ કરવા માટેના કાર્યક્રમો વિચારવા.
- એ કાર્યક્રમોનો અમલ કરનારું તંત્ર ગોઠવવું એટલે કે કાર્યકરોની જોગવાઈ કરવી.
- લક્ષિત પરિવર્તન અને તદર્થે કરવાના કાર્યક્રમોના અમલ માટે આવશ્યક તાલીમ કાર્યકરોને આપવી.
- સમયાંતરે કાર્યક્રમોના અમલીકરણનું મૂલ્યાંકન કરવું.

છેલ્લા દાયકા દરમ્યાન ગામડાંમાં સ્ત્રીઓનાં બચત અને ધિરાણ જૂથોની મોટા પાયા પર રચના થઈ છે. આ જૂથો મહિલા સશક્તિકરણની એજન્સીઓ તરીકે કામ કરતાં થયાં છે. એ પણ વિશિષ્ટ પ્રકારની સંસ્થાઓ છે. તેમાં જોડાયેલી સ્ત્રીઓમાંથી ઘણાંની નેતૃત્વની શક્તિ પ્રગટ થઈ છે અને તેમણે બચત અને ધિરાણની પ્રવૃત્તિ કરતાં કરતાં પોતાની આગવી વહીવટી સૂઝ અને ક્ષમતા વિકસાવ્યાં છે. એમાંની ઘણીખરી સ્ત્રીઓ તો સામાન્ય પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હોય એવી છે. જૂથોની નિયમિત સભા યોજાય છે, બચતનાં નાણાં જૂથના ભંડોળમાં સભ્યસ્ત્રીઓ જમા કરાવે છે, પોતાની નાનીમોટી આર્થિક જરૂરિયાતો વખતે ધિરાણ મેળવે છે ને તેના હપ્તા નિયમિત રીતે ભરે છે. આ રીતે તેમણે જવાબદારીની ઊંચી સમજ બતાવી છે. સરકારી ભાષામાં આ જૂથ 'દ્વાકરા' નામે ઓળખાય છે. સ્ત્રીઓને નિર્ણય કરવાનો અધિકાર મળે તો તેનાં કેવાં સારાં પરિણામ આવી શકે છે તે દ્વાકરા જૂથની સ્ત્રીઆગેવાનોએ દર્શાવી આપ્યું છે. દ્વાકરા જૂથોએ સ્ત્રીઓની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. સમાજના પુરુષવર્ગે આ બાબત ઉપરથી ધડો લઈને સ્ત્રીઓની ક્ષમતામાં વિશ્વાસ કેળવતાં શીખવાની જરૂર વર્તાય છે. સમાજના નબળા વર્ગોને અને સ્ત્રીઓને પણ જવાબદારી આપવી જોઈએ

તથા અગ્રવર્ગોના પરિવર્તનવાંછુ કર્મશીલોએ તેમને માર્ગદર્શન આપવાની ફરજ અદા કરવી જોઈએ. જવાબદારી એટલે ભૂલ કરવાનો અધિકાર. કામ કામને શીખવે, માણસ ભૂલ કરતાં કરતાં શીખે એ કુદરતી નિયમ છે. સામાજિક પરિવર્તનના ક્ષેત્રે એ ખૂબ જ ઉપયોગી નિયમ છે.

## પરિવર્તન અને કાયદો

મધ્યયુગના અંત સુધી, ભારતમાં અંગ્રેજોની હકૂમત સ્થપાઈ ત્યાં સુધી, દેશમાં રાજાશાહી રાજ્યવ્યવસ્થા હતી. બધી સત્તા રાજાના હાથમાં રહેતી. તે ઇચ્છે ત્યારે અને ઇચ્છે તેવો કાયદો બનાવી શકતો હતો અને તરત જ એનો અમલ થતો હતો. પણ નોંધપાત્ર બાબત એ છે કે રાજાઓ સામાન્ય રીતે કરવેરા ઉઘરાવવાને લગતા અને ચોરી-લૂંટફાટ, ખૂન વગેરે જાનમાલને ભયમાં મૂકે એવા ગુનાઓને અટકાવવાના હેતુથી એવા ગુના કરનારાને સજા કરવાને લગતા કાયદા કરતા હતા. એમના રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, લોકો સુખશાંતિથી જીવે અને પોતાના ધંધારોજગાર કરે એટલે રાજાનો વહીવટ સારો ગણાતો હતો. રાજાએ ઠરાવેલા ધોરણે પ્રજા કરવેરા ભરે એટલે રાજા બીજી ડખલ કરતા નહિ.

રાજાશાહી રાજ્યવ્યવસ્થામાં સમાજના જુદા જુદા વર્ગોમાં ઘણી મોટી અસમાનતા હતી, અન્યાય હતા, શોષણ અને જુલમ હતાં. પરંતુ દેખીતી રીતે એમાં કાયદાનો ભંગ થતો ન હોવાથી રાજવહીવટને તેની સાથે લેવાદેવા પણ ન હતી. સામાજિક અસમાનતા, ઊંચનીચના ભેદ અને તેના કારણે થતા અન્યાય, જુલમ વગેરે ભારતીય સમાજમાં બહુ ઊંડી જડ ઘાલી ગયેલાં દૂષણો હતાં. વર્ણવ્યવસ્થાના અર્થમાં તેને ધર્માચાર્યોની પણ માન્યતા ને સ્વીકૃતિ હતી. તેથી તેમાં કોઈને કશું વાંધાજનક લાગતું ન હતું. માણસે પૂર્વજન્મમાં પાપ અને દુષ્કર્મો કર્યાં હોય તો તેનાં ફળ તેણે ભોગવવાં જ પડે. એમાં બીજા કોઈ શું કરે ? આવી લોકોની ધાર્મિક માન્યતા હતી. આ બાબતે સમાજમાં પુરોહિત-બ્રાહ્મણવર્ગની પકડ એવી મજબૂત હતી કે રાજા પણ તેમાં કશો ફેરફાર કરવાની હિંમત કરી શકતો નહિ. એટલે પ્રાચીન કાળથી ચાલી આવેલી સમાજરચનાના ભાગરૂપે અન્યાય, જુલમ, દમન વગેરે ચાલ્યા કરતાં હતાં અને તેમાં સમાજના ઉપલા વર્ગોનાં હિતસ્વાર્થ રહેલાં હોવાથી તેનો વિરોધ કરવાની કોઈ હિંમત કરી શકતું નહિ. ગુરુ દ્રોણાચાર્યે એકલવ્યને શસ્ત્રવિદ્યા શીખવવાની ના પાડી તે આવા ભેદભાવ અને અન્યાયનો ઊડીને આંખે વળગે તેવો દાખલો છે.

કાયદા દ્વારા સમાજના કોઈ દૂષણ કે કુરિવાજને નાબૂદ કરવાની શરૂઆત અંગ્રેજોના રાજ્યમાં ઓગણીસમી સદીના મધ્ય ભાગે થઈ હતી. લૉર્ડ વિલિયમ બૅન્ટિંકે કાયદો કરીને સતી થવાની પ્રથા ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો અને ધર્માચાર્યો-પુરોહિતોના કે સમાજના વિરોધની પરવા કર્યા સિવાય એણે એ કાયદાનો કડકાઈથી અમલ કરાવ્યો હતો. એ પછી વિધવા પુનર્વિવાહની છૂટ આપતો કાયદો થયો તેમજ છોકરીઓની લગ્નવય ચૌદ વર્ષની ઠરાવતો કાયદો થયો.

## સમાજપરિવર્તનમાં કાયદાની મર્યાદા

સમાજનું પરિવર્તન કરવાની ક્રિયા ઘણી ધીમી, ઘણી મુશ્કેલ અને અનેક વિરોધ-અવરોધવાળી છે. ખૂબ ખાડાખૈયાવાળા ઊબડખાબડ રસ્તા ઉપર વાહન ઝડપથી દોડાવી શકાતું નથી. સમાજસુધારણાનો માર્ગ પણ એવો જ ઊબડખાબડ છે. પરિવર્તનની પ્રક્રિયા પહેલાં આંતરિક છે, પછી બાહ્ય એટલે કે વર્તનવહેવારના ફેરફારમાં પરિણમે છે. માણસની તમામ ક્રિયાઓ ઉપર તેના મનનો કાબૂ હોય છે. એટલે તો ગીતામાં મનને જ બંધન કરનારું અને મનને જ મોક્ષ અપાવનારું કહ્યું છે. એટલે પ્રથમ માનસિક પરિવર્તન, પ્રથમ વિચારનું પરિવર્તન. વૈચારિક ફેરફાર એ પાયો છે. તેના ઉપર જ સુધારાની કે પરિવર્તનની ઇમારત ખડી કરવામાં આવે છે. પાયો કાચો હોય તો ઇમારત બહારથી ગમે તેટલી મજબૂત દેખાતી હોવા છતાં ધરતીકંપના એક સાધારણ

આંચકાથી તે ધરાશાયી થઈ જાય છે. સામાજિક પરિવર્તનને પણ આ જે વાત લાગુ પડે છે. પરિવર્તન તર્કશુદ્ધ અને લોકસ્વીકૃત વિચારના પાયા ઉપર અમલમાં આવે તો તે ટકાઉ બને છે, નહિ તો ટૂંકજીવી નીવડે છે.

વિચારનો પાયો એટલે શું ? જે બાબતે પરિવર્તન કે સુધારો કરવો છે તે બાબતને લોકસ્વીકૃતિ મળવી જોઈએ. ગમે તેટલો સારો સુધારો હોય તોપણ જો લોકો તેને અપનાવે નહિ તો તે નિષ્ફળ જાય છે. માત્ર કાયદો કરવાથી સુધારો થઈ જતો નથી. કોઈ પણ દૂષણ કે અનિષ્ટ કાયદા દ્વારા સંપૂર્ણ નાબૂદ થઈ શકે એમ બનતું નથી. સ્વતંત્ર ભારતની સરકારે બાળલગ્ન પ્રતિબંધનો કાયદો કરેલો છે. પણ બાળલગ્નો મોટા પાયા પર ચાલુ છે. સારો સુધારો કરવા માટે કરેલો કાયદો સમાજ સ્વીકારતો નથી તેથી તે કાયદાથી થનાર સુધારાનો લાભ સમાજને મળતો નથી ને તેટલા અંશે સમાજમાં બાળલગ્નનું દૂષણ ચાલુ રહે છે. બીજા ઘણા દાખલા નિષ્ફળ ગયેલા કાયદાના આપણી નજર સામે છે. દહેજ પ્રતિબંધ ધારો એવો જ બીજો કાયદો છે. ગુજરાતમાં આઝાદી આવી ત્યારથી દારૂબંધીનો કાયદો અમલમાં છે. દારૂબંધીના કાયદા હેઠળ દારૂ ગાળનાર, દારૂ વેચનાર, એમાં કોઈ પણ રીતે મદદગાર કરનાર, દારૂ પીનાર એ સૌ ગુનેગાર ઠરે છે. એમાં ઘણા લોકો પકડાય છે. કેટલાકને સજા પણ થાય છે ને છતાં દારૂનું દૂષણ ચાલુ જ છે, કારણ કે દારૂના ગેરકાયદે ધંધામાં ઘણાં સ્થાપિત હિતો ફૂલ્યાંફાલ્યાં છે ને તે બધાં આ કાયદો સફળ થવામાં મોટા અવરોધરૂપ બન્યાં છે.

**કાયદાની સફળતા**

અત્યંત જરૂરી એવા સુધારા માટે, સમાજના કોઈ એક અનિષ્ટને નાબૂદ કરવાના શુભ હેતુથી, સમાજના બુદ્ધિશાળી અને સમાજહિતચિંતક એવા સજ્જનોના આગ્રહ અને સહાયથી સરકાર એક સારો કાયદો કરે એ માત્ર શરૂઆત થઈ. એ કાયદો થવાથી સમાજને કેવો લાભ થશે, કેવું અનિષ્ટ નાબૂદ થશે ને તેનાં કેવાં શુભ પરિણામ આવશે એ વિષે કાયદાનો વ્યાપક પ્રચાર લોકોમાં થવો જોઈએ. એવો પ્રચાર કરવામાં સરકારી તંત્રની મુખ્ય ભૂમિકા બને છે, કારણ કે કાયદાનો અમલ સરકારી તંત્ર કરાવે છે. એટલે સંબંધિત સરકારી વિભાગે કાયદાને અનુકૂળ એવો લોકમત ઘડવાની અસરકારક વ્યૂહરચના ઘડવી જોઈએ ને તેમાં પ્રચારમાધ્યમો, સ્વૈચ્છિક સંસ્થાઓ, લોકપ્રતિનિધિઓ, સંતોમહંતો, સમાજસેવકો વગેરે અનેક લોકોને સાંકળવા જોઈએ. સુધારાની વાત ગામેગામ અને નગરેનગર સુધી પહોંચે તેવી યોજના બનાવવી જોઈએ.

સુધારાના કાયદાનો ઉદ્દેશ સફળ થાય તેમાં કેવા કેવા અવરોધો આવશે તેનો પણ અંદાજ અગાઉથી કાઢવો જરૂરી છે. કાયદાથી થનારા સુધારાથી ખરેખર નુકસાન થાય તેવો વર્ગ કયો છે, કોનાં હિતોને નુકસાન પહોંચશે, કેટલું નુકસાન પહોંચશે, એ નુકસાનમાંથી બચવા માટે તે વર્ગ કેવાં પગલાં ભરશે અને કેવી કેવી રીતે તેનો વિરોધ કરશે તેની ગણતરી કરીને તેવા વિરોધ-અવરોધને મોળો પાડવા કે પહોંચી વળવા માટેનો કાર્યક્રમ પણ વિચારીને તૈયાર કરી રાખવો જોઈએ. સુધારાનો વિરોધ કરનારા પૈકી કેટલાક તો એવા હોય છે કે જેઓ સાચી માહિતીના અભાવે અપપ્રચારથી દોરવાયેલા હોય છે. એટલે સુધારાનો યોગ્ય પ્રચાર આવા લોકોની ગેરસમજણને નિવારવાનું કામ કરી શકે છે. પ્રચારનું મૂલ્ય ઘણું હોય છે. પ્રચાર એ પાંચમો વેદ છે એમ કહેવાય છે. એટલે પ્રચારની મશીનરી ખૂબ કાર્યક્ષમ બનીને સમયસર કામે લાગી જવી જોઈએ. આ બધી કામગીરીનો ઉદ્દેશ તો કાયદાને અનુકૂળ લોકમત તૈયાર કરવાનો છે. જે કાયદાને લોકમતનું પીઠબળ નથી હોતું તેને લોકસ્વીકૃતિ પણ નથી મળતી. તેથી દહેજ પ્રતિબંધનો કાયદો અને બાળલગ્ન પ્રતિબંધનો કાયદો વગેરેના જેવા હાલ થયા તેવા હાલ કોઈ પણ સુધારાલક્ષી કાયદાના થઈ શકે છે.

**અધિકારપ્રાપ્તિથી પરિવર્તન**

સમાજસુધારણાના હેતુવાળું પરિવર્તન એ આપમેળે થતું પરિવર્તન નથી. વર્તમાન સમયમાં લોકોની જીવનપદ્ધતિમાં, પોશાકમાં, ખોરાકમાં ગૃહસજાવટમાં વગેરેમાં જે પરિવર્તન જોવા મળે છે તે દેખાદેખીથી થતું

પરિવર્તન છે. એવા પરિવર્તનની પાછળ અમે પ્રગતિશીલ છીએ, આધુનિક છીએ, જૂના વિચારોને વળગી રહેનારા રૂઢિચુસ્ત કે અજ્ઞાન નથી એવું સમાજમાં દેખાડવાનો હેતુ હોય છે. એ પરિવર્તન સમાજમાં વ્યાપેલા કોઈ દૂષણ, અન્યાય, દમન કે શોષણને નાબૂદ કરવાના હેતુથી થતું પરિવર્તન નથી. એવા પરિવર્તન માટે કોઈ કાયદો કરવાની જરૂર પડતી નથી કે તેને માટે લોકમતનું સમર્થન પણ આવશ્યક નથી.

ભારતીય સમાજની રચના ઘણી સંકુલ છે. તેમાં તળિયેથી ટોચ તરફ જતા પિરામિડની જેમ સૌથી નબળા વર્ગો તળિયે રહેલા છે. તેના ઉપર એકબીજાથી ચડિયાતાં જૂથોની માંડણી હોય છે. તેમાં સૌથી નીચે રહેલાં જૂથો વધારેમાં વધારે દમન-શોષણનો ભોગ બનનારાં, સત્તા અને સંપત્તિના અધિકારોથી સદાય વંચિત અને તેથી કંગાલ જીવન જીવનારાં બન્યાં છે. દેશમાં આઝાદી આવી તે પછી આવાં જૂથોને સમાજના મધ્ય પ્રવાહમાં લાવવા માટે ભારત સરકારે કેટલીક ખાસ જોગવાઈ કરી છે ને કેટલાક ખાસ કાયદા પણ કર્યા છે તે સમાજમાંથી દમન-શોષણના અન્યાય દૂર કરવાના અને સમાજને સમરસ ને સમાનતાના પાયા ઉપર પુનર્ગઠિત કરવાના હેતુથી કર્યા છે. આવા કાયદામાં બે બંધારણીય કાયદા સૌથી મહત્ત્વના છે : (1) અસ્પૃશ્યતાનાબૂદીનો કાયદો અને (2) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો માટે શિક્ષણસંસ્થાઓમાં તથા તમામ સરકારી-અર્ધસરકારી નોકરીઓમાં તેમની વસતીના પ્રમાણમાં અનામતની જોગવાઈ.

મહાત્મા ગાંધીએ આઝાદીના આંદોલન દરમ્યાન જ 'અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું પાપ છે, કલંક છે અને તે દૂર થવું જ જોઈએ' એમ જાહેર કરીને પોતાના આશ્રમમાં એક અસ્પૃશ્ય કુટુંબને દાખલ કરીને પોતાની વાતનો પોતાના જીવનમાં અમલ કરીને આ કલંક સામે લડવાની શરૂઆત કરી હતી. તે હેતુસર તેમણે રીતસરની ઝુંબેશ ઉપાડી હતી. તેમના એ પ્રયત્નો તેમના જીવનપર્યંત ચાલુ રહ્યા હતા. તેના ફળરૂપે જ ભારતના બંધારણમાં અસ્પૃશ્યતાને નાબૂદ કરીને સમાજના એ વર્ગના તમામ નાગરિકોને કાયદાની નજરે પંડિત-પુરોહિતો કે રાજા-મહારાજાઓની સાથે સમાનતાનો અધિકાર અપાયો હતો. આઝાદીના લગભગ છ દાયકા વીત્યા ટાણે આપણે કહી શકીએ કે સમાજમાંથી દેખીતી રીતે એ ભેદભાવ દૂર થયો છે, હવે માત્ર એ રસોડામાં ટક્યો છે ને ત્યાંથી પણ ધીમી ગતિએ જઈ રહ્યો છે. પરંપરાગત અસ્પૃશ્ય સમાજને બંધારણીય સમાનતા આપીને તેમને આપણા લોકશાહી શાસનમાં મત આપવાનો પણ સમાન અધિકાર અપાયો છે ને તેનાથી ચૂંટણીસમયે કહેવાતા અગ્રવર્ગોના મોટા મોટા આગેવાનો પણ એ સમાજમાં મતદાનની માગણી કરવા માટે આંટાફેરા કરતા થઈ ગયા છે. કાયદા દ્વારા સમાજપરિવર્તનનું આ બહુ જ દૂરગામી પરિણામ છે. મતદાનનો અધિકાર એ પોતાના પ્રતિનિધિને પસંદ કરવાનો અધિકાર છે, નિર્ણય કરવાની સત્તા છે. હજારો વર્ષોથી જે વર્ગ સમાજમાં ઉપેક્ષિત હતો, શોષિત-પીડિત હતો તેને એક નાનકડી સત્તા મળવાથી કેવું ક્રાંતિકારી પરિણામ આવે છે ! અલબત્ત, હજી એ દિશામાં ઘણું કરવાનું બાકી છે, પણ સુધારાની ઘંટી ભલે ધીમું દળતી હોય, એ ઝીણું દળે છે એ નક્કી.

### અનામતની જોગવાઈથી પરિવર્તન

કુટુંબમાં એક વ્યક્તિ ગંભીર માંદગીમાં સપડાય ત્યારે તેને દવાદારૂની સારવાર ઉપરાંત તેને ખાસ પૌષ્ટિક આહાર વગેરે પણ અપાય છે ને તેના સ્વાસ્થ્યની પુનઃપ્રાપ્તિ માટે આખો પરિવાર મદદ કરે છે. ભારતીય સમાજ એ પણ એક અતિ બહોળો પરિવાર છે. એમાં હજારો વર્ષોથી જે વર્ગો વિકાસની તકોથી વંચિત હતા તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શિક્ષણની સંસ્થાઓમાં અને તમામ સરકારી, અર્ધસરકારી કે સરકારી અનુદાનથી ચાલતી નોકરીઓમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓ માટે અનામતની જોગવાઈ દેશના બંધારણમાં કરવામાં આવી છે. તેનાથી એ વર્ગોનાં યુવક-યુવતીઓ યુનિવર્સિટીની મોટામાં

મોટી પદવી સુધી શિક્ષણ લેતાં થયાં છે. સરકાર તેમના શિક્ષણ માટે વિશેષ આર્થિક સહાય પણ આપે છે તેથી તેમને ભણવાની તકો સહજપણે મળી રહે છે. તેઓ એસ.એસ.સી.થી લઈને પીએચ.ડી. સુધીની પદવી પ્રાપ્ત કરતાં થયાં છે. અનામતની આવી સગવડ સરકારે પાછળથી આર્થિક સામાજિક પછાતવર્ગોને પણ આપી છે. આ બધા વર્ગોને સાથે લઈએ તો તેમનું પ્રમાણ વસતીના પચાસ ટકાથી પણ વધારે થાય છે. એ બધા વર્ગોમાં જેમ જેમ શિક્ષણ વધતું જશે ને તેમનામાંથી વધારે ને વધારે યુવક-યુવતીઓ નાનીમોટી અનેક નોકરીઓમાં તેમનું સ્થાન પ્રાપ્ત કરતાં જશે તેમ તેમ તે જૂથોની સામાજિક, આર્થિક અને રાજકીય સ્થિતિ વધારે બહેતર થતી જશે. ખરેખર તો પરિવર્તનની આ પ્રક્રિયા નિરંતર ચાલુ જ છે ને એ પ્રક્રિયાની સાથોસાથ તે વર્ગોમાં સામાજિક કુરિવાજો અને કુરૂઢિઓને સ્થાને સમયાનુસાર નવા વ્યવહારો પણ આવતા જાય છે. આ એક અદશ્ય ક્રાંતિ છે, સામાજિક ને આર્થિક ક્રાંતિ.

**રાજકીય પરિવર્તન**

મત આપવો એ એક નાની બાબત છે. પણ એની પાછળ નિર્ણય લેવાના અધિકારમાં ભાગીદારી એ મોટી વાત છે. એટલે જ ભલભલા ભૂપ પણ મતદારની સામે બે હાથ જોડીને જયજય કરીને યાચક બની ઊભા રહે છે. એટલા કારણે હજારો વર્ષોથી ઉપેક્ષિત રહેલા સામાજિક વર્ગોમાં જાગૃતિ આવી છે, પોતાના મતના અધિકારની કિંમત તેમને સમજાઈ ગઈ છે ને તેથી તેમનામાં સ્વાભિમાનનો ઉદય થયો છે. મતનો અધિકાર અણુશક્તિ જેવો શક્તિશાળી છે.

ભારતમાં છેલ્લાં વીસ વર્ષથી પંચાયતી રાજ ક્ષેત્રે સ્ત્રીઓને તેત્રીસ ટકાની અનામતનો અધિકાર આપતો બંધારણીય કાયદો અમલી બન્યા પછી સ્ત્રીઓમાં સત્તાનાં સિંહાસનો સર કરવાની શરૂઆત થઈ ગઈ છે. એ કાયદાની જોગવાઈ એવી છે કે ગ્રામપંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગર પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા – એ સ્થાનિક સ્વરાજની તમામ સંસ્થાઓમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની દરેક કક્ષાએ જેટલી જગ્યાઓ હોય તેમાંથી તેત્રીસ ટકા જગ્યાઓ સ્ત્રીઓ માટે આરક્ષિત જાહેર થઈ છે; એટલું જ નહિ એ સંસ્થાઓમાં પદાધિકારીઓનાં સ્થાનો પણ તેત્રીસ ટકા સ્ત્રીઓ માટે આરક્ષિત થઈ ગયાં છે. એટલે

- રાજ્યની કુલ ગ્રામપંચાયતોમાંથી તેત્રીસ ટકા ગ્રામપંચાયતોના સરપંચપદે સ્ત્રીઓ હોય,
- રાજ્યની કુલ તાલુકા પંચાયતોમાંથી, જિલ્લા પંચાયતોમાંથી તેત્રીસ ટકા તાલુકા પંચાયતોના અધ્યક્ષ-પદે સ્ત્રીઓ હોય, તેત્રીસ ટકા જિલ્લા પંચાયતોના અધ્યક્ષપદે પણ સ્ત્રીઓ હોય. એ જ ધોરણ નગર-પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાના અધ્યક્ષ કે મેયરપદને પણ લાગુ પડે છે.

આ ચૂંટાયેલા પ્રતિનિધિઓની જગ્યાઓમાં અને હોદ્દેદારોની જગ્યાઓમાં સ્ત્રીઓને માટે આરક્ષણનો અમલ કરવાથી સમાજમાં એક જબરદસ્ત રાજકીય પરિવર્તન આવ્યું છે. દેશમાં બધાં જ રાજ્યોમાં આ કાયદો લાગુ પડ્યો છે. આ આરક્ષણનું એક મહત્ત્વનું પાસું એ છે કે સ્ત્રીઓની આરક્ષિત જગ્યાઓમાં પણ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક પછાતવર્ગોની સ્ત્રીઓને તેમની વસતીના પ્રમાણમાં અનામતનો લાભ મળ્યો છે. એટલે હવે અનુસૂચિત જાતિની એક મહિલા ગ્રામપંચાયતની સરપંચ બનવા લાગી છે, તાલુકા પંચાયતની પ્રમુખ બનવા લાગી છે, જિલ્લા પંચાયતની પ્રમુખ પણ બનવા લાગી છે. જેમને હજારો વર્ષોથી દલિતોમાં પણ દલિત ગણવામાં આવતી હતી તેવી આ મહિલાઓ વહીવટ કરવાની રાજકીય સત્તા ભોગવતી થઈ છે.

આવી મહિલા હોદ્દેદારો તેમની વહીવટી ફરજો બજાવવામાં નિષ્ફળ ન જાય તે માટે તેમને રાજ્યના પંચાયત વિભાગ તરફથી ખાસ તાલીમ અપાય છે. તેમને વહીવટ માટે કઈ-કઈ સત્તાઓ મળે છે, તે સત્તાઓનો ઉપયોગ કેવી રીતે કરવો, તેમાં કેવી સાવચેતી રાખવી, જરૂર પડે કોના તરફથી માર્ગદર્શન મળી શકે વગેરે

બાબતોથી તેમને જાણકાર કરવામાં આવે છે. 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' એમ માનનારા ને કહેનારા પુરુષોને અરજી મંજૂર કરાવવા માટે એ જ સ્ત્રીઓના ટેબલની સામે જઈને અદબથી ઊભા રહેલા જોવા એ દુનિયાએ ન જોયેલું, ન જાણેલું એવું ઐતિહાસિક પરિવર્તન છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સ્ત્રીઓને મળેલી આવી સફળતાથી સ્ત્રીઓમાં પોતાના ગૌરવ અને સ્વાભિમાનની જબરજસ્ત ભાવના જાગી છે. તેમણે પોતાને મળેલી તકનો બરાબર ઉપયોગ કરી જાણ્યો છે ને પોતાને મળેલી સત્તાને વિકાસનાં કાર્યો કરવામાં સફળતાપૂર્વક પ્રયોજી છે. સ્ત્રીઓને તેમના સારા વહીવટથી મળેલી સફળતાથી પિતૃસત્તાક આધિપત્યની આદતવાળો વર્ગ હવે જરા વધારેપડતો સાવધ થઈ ગયો છે. રાજ્યોનાં વિધાનગૃહોમાં અને સંસદગૃહોમાં સ્ત્રીઓને એવું આરક્ષણ આપવામાં એ વર્ગ હવે ખૂબ જ ખચકાટ અનુભવે છે.

**ગતિશીલ સમાજ**

પાંચ દાયકા પહેલાં સુધીનો ભારતીય સમાજ બંધિયાર હતો, સ્થગિત હતો, પોતાના સંકુચિત વાડામાં જીવનારાં અને પરસ્પરથી અલગ પડી ગયેલાં અનેક જૂથોમાં વિભક્ત હતો. જૂથો માત્ર વિભક્ત હતાં એટલું જ નહિ, થોડાં જૂથ અધિકારસંપન્ન હતાં તો ઘણાં બધાં અધિકારવંચિત હતાં તેથી દબાયેલાં હતાં, પરાધીન હતાં.

આઝાદીના પાંચ-છ દાયકા બાદ એ પરાપૂર્વનો સમાજ ઘણો બધો બદલાઈ ચૂક્યો છે. તેમાં જે વંચિતો હતા, રહિતો હતા તે સહિતો ને સંપન્નોની હરોળમાં આવવા માટે પ્રસ્થાન કરી ચૂક્યા છે. ઘણા તો એ દિશામાં હવે દોડવા લાગ્યા છે. તેમને સંપન્ન થવાની ચાવી હાથમાં આવી ગઈ હોય તેવી તેમની માનસિકતા છે. એમને કઈ ચાવી હાથમાં આવી છે ?

- સરકાર દ્વારા કાયદાકીય સુધારા થવાથી તેમને સત્તા ને સંપત્તિના અધિકાર પ્રાપ્ત થયા છે.
- તેમના માટે સર્વ કક્ષાએ શિક્ષણ અને નોકરીઓનાં દ્વાર ખૂલી ગયાં છે.
- તેમના જીવન ઉપરથી અન્ય લોકોનું આધિપત્ય નાબૂદ થઈને તેમનો પોતાનો અધિકાર સ્થાપિત થયો છે.
- સ્ત્રીઓ અને પુરુષો, ગરીબ અને ધનિક, અભણ અને પંડિત, બ્રાહ્મણ કે ઇતર, હિંદુ કે મુસ્લિમ- સૌને નાગરિકતાનો સમાન અધિકાર પ્રાપ્ત થયો છે. એ વિવિધ સમુદાયોની ભૂમિકાઓ અને તેમની ક્ષમતાઓનું મૂલ્ય સમાન ગણાયું છે.
- સમાજમાંથી શોષણયુક્ત અને દમનકારી સંબંધો નાબૂદ થવા લાગ્યા છે.
- અંધશ્રદ્ધા અને રૂઢિચુસ્ત માન્યતાઓમાં મોટું પરિવર્તન આવ્યું છે.
- સાધનસંપત્તિની પ્રાપ્તિ માટે સમાન તકોની પ્રાપ્તિ થઈ છે.
- આઝાદી પછી ઉદય પામેલી નવી પેઢીમાં ઊંચનીચના ભેદભાવોની ભાવના નાબૂદ થઈને સમાનતા ને ભ્રાતૃત્વની ભાવના વિકસતી જાય છે.

સમાજમાં ઉપરનાં વિવિધ પરિબળોની ગુણાત્મક અસરો જોવા મળે છે. ખાસ કરીને સરકાર દ્વારા સમાજના નબળા વર્ગોના વિકાસની જે યોજનાઓ થઈ છે ને તેમાં નવી નવી યોજનાઓનો ઉમેરો થતો જાય છે તેનાથી એવા નબળા વર્ગોનું દમન કરવાનું ઘણું મુશ્કેલ બની ગયું છે. વિકાસના પ્રયત્નો એ સ્વતંત્રતાનું મૂળ છે. નબળા વર્ગોનો વિકાસ થવાથી સમાજમાં સમન્વય ને ઐક્યની પ્રક્રિયાને વેગ મળે છે ને તેટલા જ પ્રમાણમાં સમાજને વિભાજિત કરનારાં પરિબળો દુર્બળ થતાં થતાં નામશેષ થતાં જાય છે. એને પરિણામે સામાજિકીકરણની પ્રક્રિયા વેગવાન બની છે. આ સંજોગોમાં સામૂહિક દૃષ્ટિ લાવનારા પરિવર્તનને ઉત્તેજન આપવાની જરૂર છે. એ માટે વિવિધ પ્રકારના તાલીમ કાર્યક્રમો, પરિસંવાદો, વ્યાખ્યાનો, સંવાદો વગેરે હેતુલક્ષી રીતે ચલાવવાં જોઈએ.

પરિવર્તનનું સૌથી કઠિન કાર્ય એ છે કે વિકાસના પંથે ડગ માંડતાં જૂથોની સાથે સંવાદ સાધીને તેમનામાં આત્મવિશ્વાસ પેદા કરવો. તેમનામાં એવાં વિચારમૂલ્યો વિકસાવવાં જેનાથી નવા સંબંધોનાં સમીકરણો રચી શકાય, એક નવી સામાજિક ભાત ઉપસાવી શકાય. આ રીતે જ તેમની સ્વશક્તિને વિકસાવી શકાશે.

**પરિવર્તનમાં અવરોધો**

વેદની એક પ્રાર્થનામાં ઋષિ એવું માગે છે કે અમને સર્વ દિશાએથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ. આ ઋષિ કેટલા ખુલ્લા મનવાળા હશે ? ખુલ્લું મન એટલે નવા વિચારને આવકારવા તત્પર હોય એવું મન. નવા વિચારો પરિવર્તનના સંદેશવાહકો છે. અગ્રદૂત છે. જે વ્યક્તિ કે સમૂહ નવા વિચારોને આવકારે છે તે હંમેશાં પ્રગતિશીલ હોય છે. તેની પડતી નથી થતી. મધ્યયુગમાં ભારતીય સમાજ નવા વિચારોને આવકારતો નહોતો તેથી જ તેના નસીબમાં રાજકીય પરાધીનતા આવી. મન જ્યારે બંધિયાર બને છે ત્યારે જીવનમાં અને સમાજમાં સ્થગિતતા આવે છે. ત્યારે કોઈ પણ વિચારને તેના તર્કશુદ્ધ સ્વરૂપે સમજવાની માનસિક પ્રક્રિયા અવરોધાઈ જાય છે. એનું પરિણામ જૂના વિચારોને અને જૂની માન્યતાઓને વળગી રહેવામાં આવે છે. સમજદારીનો અભાવ સર્જાય છે.

મધ્યયુગમાં સમાજ બંધિયાર થઈ ગયો. તેને પરિણામે તેના દેશપરદેશ સાથેના સંપર્કો કપાઈ ગયા. તેમની પાસે નવું જ્ઞાન આવતું અટકી ગયું. અંગ્રેજો, ફ્રેંચો, વલંદાઓ વગેરે યુરોપના પશ્ચિમ કિનારેથી જહાજોમાં બેસીને આવ્યા ને પોતાની નૌકાદળની લડાયક શક્તિથી તેમણે હિંદુસ્તાનના રાજાઓને હરાવ્યા. એ વખતે એ રાજાઓમાંથી કોઈને પોતાનું નૌકાદળ સ્થાપીને દરિયાઈ લશ્કરી તાકાત વિકસાવવાનું ખાસ સૂઝ્યું નહિ. પાણીપતના મેદાનમાં બાબર તોપખાનાની મદદથી નાના લશ્કર વડે પણ વિજય મેળવી મોગલાઈની સ્થાપના કરી ગયો. છતાં દેશના કોઈ રાજાએ પોતાના લશ્કરમાં તોપખાનું ઉમેરવાનું કાર્ય કર્યું નહિ. લડવાની જૂનીપુરાણી રીતરસમોને વળગી રહ્યા. તેથી તેમના પક્ષે સૈનિકોમાં શૌર્ય, પરાક્રમ કે વીરતાની કોઈ ઊણપ ન હોવા છતાં એ હારતા જ રહ્યા. રૂઢ થઈ ગયેલી માનસિકતા પરિવર્તનની ગતિને અટકાવી દે છે એટલું જ નહિ, એ સ્વતંત્રતાને પણ છીનવી લે છે. પશ્ચિમની ગોરી સત્તાઓને દરિયામાં જઈને પડકાર આપવામાં ઊણા ઊતરેલા રાજાઓની પ્રજા એટલી બંધિયાર થઈ ગઈ કે સમાજે દરિયાપાર જવાની સૌને મનાઈ ફરમાવી દીધી. મોહનદાસ કરમચંદ ગાંધી નામનો મોઢ વાણિયાનો એક યુવાન બૅરિસ્ટર થવા માટે લંડન જવા તૈયાર થયો ત્યારે તેની જ્ઞાતિએ તેને મનાઈહુકમ ફરમાવ્યો, ને છતાં તે ગયો એટલે તેને જ્ઞાતિબહાર મૂકવાની સજા કરી. સમાજ પોતાના કોશેટાના કોચલામાં ભરાઈ બેઠો હતો.

દરિયો ઓળંગવાથી આપણો ધર્મ અભડાઈ જાય એવી માન્યતા સેંકડો વર્ષો સુધી રૂઢ થઈ ગઈ હતી. જુદી જુદી જ્ઞાતિના લોકો એકબીજાના વાસણમાંથી પાણી પીવાથી પણ અભડાઈ જતા હતા. ત્રીજા પાણીપતના યુદ્ધમાં મરાઠાઓનું લશ્કર છાવણી નાખીને પડ્યું હતું ત્યારે તે લશ્કરના જુદી જુદી જ્ઞાતિના સૈનિકો પોતાના ચુલા જુદા રાખતા હતા ! એમની ધાર્મિકતા જ્ઞાતિના નાના નાના વાડાઓમાં ભરાઈ ગઈ હતી. હિંદુસ્તાન દેશની આ દશા હતી ત્યારે ઇંગ્લૅંડમાં લોકશાહી વિકસી રહી હતી. ફ્રાન્સમાં ફ્રેંચ રાજ્યક્રાંતિ થઈ. તેના ત્રણ સિદ્ધાંતો 'સ્વતંત્રતા, સમાનતા, બંધુતા'ના હતા. અમેરિકા સ્વતંત્ર થયા પછી તેનું રાજ્યબંધારણ ઘડાયું. તેમાં લખવામાં આવ્યું હતું, કે 'All men are born free.' જન્મથી બધા જ માણસો સ્વતંત્ર હોય છે. આ નૂતન, તાજગીદાયક વિચારોનો પવન હિંદુસ્તાનના સમાજને સ્પર્શતો ન હતો, કારણ શું ? દરિયો ઓળંગવાની મનાઈ!

અનેક બાબતોમાં આવી સંકુચિતતાને કારણે જે ખોટા વિચારો ને ખોટી ટેવો પડી તે સમાજના પગમાં બેડીઓ બની ગઈ. પરિણામે અનેક પ્રકારનાં વહેમ સમાજમાં વ્યાપક બની ગયાં. એમાંથી ઊગરવાનો રસ્તો પરિવર્તનમાં છે. એ મુક્તિનો માર્ગ છે.

ચાલ્યા આવતા અન્યાય, અનિષ્ટો અને દૂષણને નિવારવા માટે સમજપૂર્વક યોજેલું સાચું પરિવર્તન ફળદાયી બની શકે. તેવા પરિવર્તનને સ્થિર કરવા માટે પણ કાળજી રાખવી જરૂરી છે. પરિવર્તનની સાથે સંઘર્ષ આવવાનો સંભવ હોય છે. એ સંઘર્ષને નિવારવા માટે સંવાદ અને વિચારવિનિમયનો જ રસ્તો કારગત નીવડી શકે. હિતકારક પરિવર્તન પણ બળજબરીથી લાદી શકાતું નથી. એમ કરવા જતાં દર્દ કરતાં દવા વધારે નુકસાનકારક નીવડવાનો સંભવ છે. માટે વિરોધની શાંત અભિવ્યક્તિ થવા દઈને તેને સમભાવપૂર્વક નિવારવાથી પરિવર્તન સ્થાયી બને અને સુધારાનો હેતુ પાર પડે.

## સ્વાધ્યાય

**1.** નીચેના દરેક પ્રશ્નનો મુદ્દાસર જવાબ આપો આઠ-દસ વાક્યોમાં :

(1) કઈ-કઈ બાબતો વિવિધ પરિવર્તનોને ચાલકબળ પૂરું પાડે છે ?

(2) કેવી સંસ્થા સમાજમાં પરિવર્તન લાવી શકે છે ?

(3) જ્ઞાતિસંસ્થાઓ પરિવર્તનને કેવી રીતે અવરોધે છે ?

(4) સાર્વજનિક સંસ્થા કોને કહેવાય ?

(5) પરિવર્તન માટેના આયોજનમાં કઈ-કઈ બાબતોનો સમાવેશ કરી શકાય ?

(6) કાયદો હોવા છતાં કયાં કયાં અનિષ્ટો ચાલુ રહ્યાં છે ? તેનો શો ઉપાય થઈ શકે ?

**2.** નીચેનાં વાક્યોનો અર્થવિસ્તાર કરો :

(1) પરિવર્તન એ માનવજાતની પ્રગતિનો પાયો છે.

(2) પરિવર્તનનો કંઈક હેતુ હોવો જોઈએ.

(3) સામાજિક પરિવર્તનની શરૂઆત કોઈક હિંમતવાળી વ્યક્તિથી થતી હોય છે.

(4) દ્વાકરા જૂથોએ સ્ત્રીઓની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે.

(5) પરિવર્તનની પ્રક્રિયા પહેલાં આંતરિક છે પછી બાહ્ય.

(6) મતનો અધિકાર અણુશક્તિ જેવો શક્તિશાળી છે.

**3.** નીચેના વિષે ટૂંક નોંધ લખો :

(1) સેવાસંસ્થા (2) મતદાનનો અધિકાર અને અસ્પૃશ્યતા (3) દારૂબંધીનો કાયદો
(4) પંચાયતી રાજની સંસ્થાઓમાં સ્ત્રીઓને માટે અનામત (5) વંચિતો ને રહિતો

**4.** નીચેના દરેક પ્રશ્નનો એક વાક્યમાં જવાબ આપો :

(1) કાયદા દ્વારા સામાજિક દૂષણની નાબૂદીની શરૂઆત ક્યારે થઈ હતી ?

(2) કાયદાની સફળતાનો આધાર શેના ઉપર રહેલો છે ?

(3) ભારતીય સમાજની રચના કેવી રીતે પિરામિડને મળતી આવે છે ?

(4) ખુલ્લું મન એટલે કેવું મન ?

(5) પરિવર્તનનું સૌથી કઠિન કાર્ય શું છે ?

(6) સ્ત્રીઓને પંચાયતી રાજ સંસ્થાઓમાં કયા સ્તરે કેટલી અનામતનો લાભ મળ્યો છે ?

(7) વિચારનો પાયો એટલે શું ?

5. દરેક પ્રશ્નની નીચે આપેલા જવાબોમાંથી સૌથી વધારે સાચા જવાબનો ક્રમ ☐ માં લખો :

(1) સ્ત્રીઓ સાડીચણિયાના બદલે પંજાબી પોશાક શા માટે વધારે પસંદ કરે છે ? ☐

(1) તેનાથી તેમની સુંદરતામાં વધારો થાય છે.

(2) તેનાથી તેમને કામકાજ કરવામાં ને હરવાફરવામાં સરળતા રહે છે.

(3) તેમનાં સાસરિયાં તેમને તે પોશાકની ફરજ પાડે છે.

(4) તે પોશાક પહેરવાથી તેઓ ભણેલી દેખાય છે.

(2) તમામ વિકાસનો મુખ્ય હેતુ શો છે ? ☐

(1) સમાજજીવનને સુધારવાનો

(2) જ્ઞાતિના લોકોને આગળ લાવવાનો

(3) રોડ-રેલવેની સગવડો વધારવાનો

(4) ઘેર ઘેર વીજળી પહોંચાડવાનો

(3) સેવાસંસ્થા કોને માટે કામ કરે છે ? ☐

(1) સેવા કરનારા લોકો માટે

(2) ઝૂંપડપટ્ટીમાં રહેનારા લોકો માટે

(3) ગામડાના ગરીબોને માટે

(4) સ્વરોજગારીવાળી સ્ત્રીઓને માટે

(4) દ્વાકરા શું છે ? ☐

(1) શ્રીકૃષ્ણ ભગવાનની રાજધાનીનું શહેર

(2) દ્વારકાની યાત્રાએ જનારો સંઘ

(3) મહિલા સશક્તિકરણ જૂથ

(4) સ્ત્રીઓનું બચત અને ધિરાણ જૂથ

(5) કાયદાની સફળતા કઈ બાબત ઉપર આધાર રાખે છે ? ☐

(1) અદાલતો ઉપર

(2) પોલીસની પ્રમાણિકતા ઉપર

(3) સાનુકૂળ લોકમત ઉપર

(4) અખબારોના સહકાર ઉપર

(6) સમાજમાં દરિયો ઓળંગવાની મનાઈ કેમ હતી ? ☐

(1) દરિયામાં ડૂબી જવાનો ડર હતો તેથી

(2) રેલવેગાડી દરિયામાં ચાલી શકતી નહોતી તેથી

(3) દરિયામાં મોટા મગરોની બીક લાગતી હતી તેથી

(4) આપણો ધર્મ અભડાઈ જાય તેવી માન્યતા હતી તેથી

●